ખેડા જિલ્લા પોલીસ વડાને રજૂઆત સાથે સરદાર પટેલ ગ્રુપની જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી

# ખેડાના સામુહિક દુષ્કર્મમાં 20 જેટલા નરાધમ હોવાની આશંકા : સરદાર પટેલ ગ્રુપ લાલઘૂમ

**પરવેઝ** પઠાણે પ્રેમજાળમાં ફસાવી 3 વર્ષ સુધી આચર્યું પાશવી કૃત્ય



(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ખેડા પંથકમાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ગંભીર ઘટનામાં છેલ્લા 3 વર્ષથી એક સગીરા પર 9 જેટલા શખ્સો દ્વારા વારંવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો પર્દાફાશ થયો છે. આ ચકચારી કેસમાં પોલીસે અત્યાર સુધીમાં 8 આરોપીઓની ધરપકડ કરી લીધી છે, પરંતુ હવે આ મામલે સરદાર પટેલ ગ્રુપ (SPG) દ્વારા પોલીસ તપાસ પર સવાલો ઉઠાવી અન્ય 15 થી 20 શખ્સો આ કૃત્યમાં સામેલ હોવાની આશંકા વ્યક્ત કરી છે . સરદાર પટેલ ગ્રુપે જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી તમામ સંડોવાયેલા શખ્સો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે

પ્રાપ્ત માહિતી અનુસાર, આ અતિ શરમજનક ઘટનાની શરૂઆત બે વર્ષ પૂર્વે થઈ હતી, જ્યારે પરવેઝ પઠાણ નામના શખ્સે સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. બાદ આ શખ્સે તેના અન્ય 8 મિત્રો સાથે મળીને છેલ્લા 3 વર્ષ સુધી સગીરાનું સતત શારીરિક શોષણ કર્યું હતું. ભોગ બનનારના પરિવારે આ મામલે ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો સામે આવ્યો છે.

મધ્ય ગુજરાતના અધ્યક્ષ વીરાંગ પટેલની આગેવાનીમાં પોલીસ વડાને અપાયેલા આવેદનપત્રમાં સનસનીખેજ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આ ગુનામાં માત્ર 9 નહીં પરંતુ 15થી 20 જેટલા નરાધમો સંડોવાયેલા હોવાની પૂરી શક્યતા છે. સંગઠને ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં પોલીસ દ્વારા સંતોષકારક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સમગ્ર પંથકમાં ઉગ્ર અને જલદ આંદોલન છેડવામાં આવશે.

### પોલીસ દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી

આ ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ 9માંથી 8 આરોપીઓને ઝડપી પાડીને ઘટનાસ્થળનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે. હાલમાં ફરાર એવા એક આરોપીની શોધખોળ અને પકડાયેલા આરોપીઓના રિમાન્ડ મેળવવાની કવાયત તેજ કરવામાં આવી છે.

# ઉમરેઠમાં વરિષ્ઠ - દિવ્યાંગ મતદારો માટે ખાસ વાહનોની વ્યવસ્થા કરાશે

**વિધાનસભાના 46** ગામોમાં 6 વાહનો દ્વારા લાવવા-લઈ જવાની વ્યવસ્થા

(પ્રતિનિધિ) આણંદ તા.22

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે 23મી એપ્રિલ, ગુરુવારના રોજ સવારે 7થી સાંજના 6 વાગ્યા સુધી મતદાન યોજાશે. આ ચૂંટણીમાં કોઈ પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહી જાય, ખાસ કરીને 85 વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન અને દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ એક વિશેષ વ્યવસ્થા ઊભી કરી છે.

ઉમરેઠ મત વિસ્તારના અંદાજે 38થી વધુ ગામોમાં કુલ 6 જેટલા વાહનો કાર્યરત કરવામાં આવશે. આ વાહનો નક્કી કરેલા રૂટ મુજબ નિર્ધારિત સમયે જે તે ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉપસ્થિત રહેશે અને મતદારોને મતદાન મથક સુધી લઈ જશે તેમજ મતદાન બાદ પરત ઘરે મૂકી જશે.

આ સુવિધાનો લાભ મત વિસ્તારના તમામ 46 ગામોના મતદારોને મળી રહેશે. આથી, નિર્ધારિત રૂટ અને સમય તંત્ર દ્વારા વાહનો માટે ચોક્કસ સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું છે. આણંદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોને આ પરિવહન સુવિધાનો મહત્તમ લાભ લઈ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા ખાસ અપીલ કરવામાં આવી છે.

**વાહન 1.** પણસોરા (7થી 9-30), ઝાલા બોરડી, અરડી, ધોરા, ઊંટખરી, હેમરાજપૂરા અને વણસોલ (4થી 5).
**વાહન 2.** લીંગડા (7-00), થામણા, પરવટા, આશીપુરા, ફતેપુરા અને ઝાંખલા.
**વાહન 3.** સુરેલી (7-00), ધુળેટા, સુંદરપુરા અને બેચરી.
**વાહન 4.** ઓડ નગરપાલિકા (7થી 9-30), ખાનકુવા, કણભઈપુરા, ખંભોળજ, સીલી, અહીંમા અને ભરોડા.
**વાહન 5.** ચિખોદરા (7થી 8-30), વધાસી, સામરખા, બોરીયાવી નગરપાલિકા, કુંજરાવ, ત્રણોલ અને રાસનોલ.
**વાહન 6.** ભાલેજ (7થી 9-30), બડાપુરા, તારપુરા, મેઘવા, સૈયદપુરા, કાસોર અને રાહત તળાવ.

# આંકલાવમાં વાહનની ટક્કરે શિક્ષકના પિતાનું કરુણ મોત

**મંદિરે દર્શન** કરી પરત ફરતાં વૃદ્ધના એક્ટિવાને અજાણ્યા વાહને ટક્કર મારી

(પ્રતિનિધિ) આણંદ તા.22

આંકલાવ તાલુકાના કંથારીયા ગામની સીમમાં આસોદરથી વાસદ તરફ જવાના માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે એક્ટિવા ચાલક વૃદ્ધનું મોત નિપજ્યું હતું.

વાસદના નંદનવન બંગ્લોઝમાં રહેતા રમેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિ (ઉં.વ. 66) સોમવારે સવારે પોતાનું એક્ટિવા લઈને બોચાસણ સ્વામીનારાયણ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. રમેશભાઈના પુત્ર અંકુરકુમાર પ્રજાપતિ રામપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. બપોરે આશરે પોણા એક વાગ્યાના સુમારે જ્યારે રમેશભાઈ દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે કંથારીયા સીમમાં જીઓ પેટ્રોલ પંપ પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે રમેશભાઈ રોડ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આંકલાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. હાલમાં આંકલાવ પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ગુનો વધુ તપાસ હાથ ધરી હતી.

પાળજના 38 વર્ષીય યુવકની પીઠમાં હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા

# સોજીત્રા તાલુકાના ડભોઉ નજીક રિક્ષાચાલકની ઘાતકી હત્યા કરાઈ

**પીએમ રિપોર્ટમાં** બરોળ ફાટી જવાથી મોત થયાનો ચોંકાવનારો ઘટસ્ફોટ

(પ્રતિનિધિ) સોજિત્રા તા.22

સોજીત્રા તાલુકાના ડભોઉ નાયરા પેટ્રોલ પંપ પાસે એક 38 વર્ષીય રિક્ષાચાલકની ભેદી સંજોગોમાં હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા શખ્સે રિક્ષાચાલકને શરીરે અને પીઠના ભાગે ઘાતક હથિયારના ઘા ઝીંકી મોતના ઘાટ ઉતાર્યો હોવાનું સામે આવ્યું છે. શરૂઆતમાં આ ઘટના અકુદરતી મોત જણાતી હતી, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાનો ખુલાસો થતા સોજીત્રા પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પેટલાદ તાલુકાના પાળજ ગામના વતની ગોપાલભાઈ જીકાભાઈ સોલંકી (ઉં.વ. 38) ગત 16મી એપ્રિલની રાત્રે પોતાની રિક્ષા (નંબર: જીજે-23-એવી-3523) લઈને શાકભાજી લેવા માટે નીકળ્યા હતાં. બીજા દિવસે સવારે તેઓ ડભોઉ નાયરા પેટ્રોલ પંપ પાસે પોતાની રિક્ષા પાસે રહસ્યમય સંજોગોમાં બેભાન અવસ્થામાં નીચે પડેલા મળી આવ્યા હતાં. આ સમયે હાજર કોઈ અજાણ્યા વ્યક્તિએ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સોજીત્રા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં.

આ ઘટનાની પ્રાથમિક તપાસમાં આ અકુદરતી મોતનો કિસ્સો લાગતો હતો, પરંતુ મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ હકીકત કંઈક અલગ જ બહાર આવી હતી. પીએમ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે મૃતકના શરીર પર પીઠના ભાગે હથિયારના નિશાન હતા અને બગલના ભાગે મૂઢ મારની ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ હુમલાને કારણે બરોળ ફાટી જવાથી આંતરિક રક્તસ્ત્રાવ થતા ગોપાલભાઈનું મોત નીપજ્યું હતું.

આ મામલે સોજીત્રા પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હત્યારાએ કયા કારણોસર આટલી ક્રૂરતાપૂર્વક હત્યા કરી તે દિશામાં પોલીસ વિભિન્ન પાસાઓ પર તપાસ કરી રહી છે. રિક્ષાચાલકની આ રીતે થયેલી હત્યાને પગલે ગ્રામ્ય પંથકમાં ભય અને આશ્ચર્યનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ હત્યાની ઘટનાના પગલે સોજિત્રા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. હાલ પોલીસે ચૂંટણીના માહોલ વચ્ચે હત્યારાઓને પકડવા વિવિધ એંગલથી તપાસ હાથ ધરી છે.

# શ્રીક્રિષ્ના હોસ્પિટલમાં ચૂંટણી સ્ટાફ માટે કેશલેસ સારવાર

**આણંદ** જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીએ હોસ્પિટલ સાથે MOU કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.22

ઉમરેઠ વિધાનસભાની 23મી એપ્રિલે યોજાનારી પેટાચૂંટણીમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની આરોગ્યલક્ષી સુરક્ષા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ કરમસદ સ્થિત શ્રીક્રિષ્ના હોસ્પિટલ સાથે એમઓયુ કર્યા છે, જેના અંતર્ગત ચૂંટણી ફરજ દરમિયાન તબિયત લથડતા કર્મચારીઓને તાત્કાલિક અને ઉત્તમ સારવાર મળી રહેશે. આ સુવિધા હેઠળ ચૂંટણી લક્ષી કામગીરીમાં રોકાયેલા તમામ મુલકી સ્ટાફ, પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ, કેન્દ્રીય કે અન્ય રાજ્યના સુરક્ષા દળો તેમજ ચૂંટણી ફરજ પરના ખાનગી સ્ટાફને શ્રીક્રિષ્ના હોસ્પિટલમાં કેશલેસ તબીબી સારવાર પૂરી પાડવામાં આવશે.

જે કર્મચારીઓ પાસે ચૂંટણી ફરજ સોંપવાના હુકમ છે, તેઓએ સારવાર દરમિયાન હોસ્પિટલમાં કોઈપણ પ્રકારનું શુલ્ક ચૂકવવાનું રહેશે નહીં. ચૂંટણી ફરજ પરના કર્મચારીઓના સ્વાસ્થ્યની ચિંતા કરતા વહીવટી તંત્ર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ ચૂંટણીના માહોલ વચ્ચે ગરમીનો પારો પણ 40 ડિગ્રી આસપાસ છે. આવા સમયે કર્મચારી માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર


### બાલાસિનોરમાં એસટી ડેપો ખાતે મુસાફરો અને સ્ટાફ માટે ORS વિતરણ કાર્યક્રમ યોજાયો

**બાલાસિનોર** | બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર, એસટી ડેપો, લાયન્સ ક્લબ અને જેસીઆઈ દ્વારા ભીષણ ગરમીમાં હીટ સ્ટ્રોક અને ડીહાઈડ્રેશનથી બચવા બસ સ્ટેશન પર ઓઆરએસ વિતરણ કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત એસટી ડેપોના ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ અને મુસાફરોને ગરમીની અસરોથી રાહત આપવા માટે ઓઆરએસના પેકેટોનું વિતરણ કરાયું હતું. તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં ડેપો મેનેજર કૌશિકભાઈ પટેલ, ડો. દેવેન્દ્રભાઈ શાહ અને લાયન્સ-જેસીઆઈ ક્લબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.




### ચાંગા સ્થિત ચારુસેટના સ્ટાર્ટ-અપને રાજ્ય સરકારની રૂ. 30 લાખની ગ્રાન્ટ મળી

**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટીના ઇન્ક્યુબેશન સેન્ટર સીઆઈવીએફ હેઠળ કાર્યરત 'Genexis BioTech'ને બાયોટેકનોલોજીમાં સંશોધન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. 30 લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સ્ટાર્ટ-અપ લેબોરેટરીમાં પર્યાવરણને અનુકૂળ 'એનિમલ-ઓરિજિન-ફ્રી' પ્રોટીન વિકસાવવાનું કામ કરી રહ્યું છે, જે પ્રાણીઓ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થશે. આ કંપનીના સ્થાપકો ડો. જીતેન્દ્ર વાઘ અને વિપુલ પટેલને યુનિવર્સિટીના હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં આ ગ્રાન્ટનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ સીઆઈવીએફ - ચારૂસેટ ની મજબૂત ઇનોવેશન ઇકોસિસ્ટમ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના મક્કમ સંકલ્પને દર્શાવે છે.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### એડીઆઈટી કોલેજ ખાતે 'સેમિકન્ડક્ટર ટેકનોલોજી' પર નેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ



**આણંદ** | એડીઆઈટી કોલેજમાં ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા 'સેમિકન્ડક્ટર ટેકનોલોજી' વિષય પર પાંચ દિવસીય રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રોગ્રામનું ઉદ્ઘાટન પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ અને પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ દ્વારા કરવામાં આવ્યું, જેમાં રાજ્યની વિવિધ કોલેજોના 30થી વધુ પ્રોફેસરો સહભાગી થયા છે. આ તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા સેમિકન્ડક્ટર મિશન અને સેન્સર ટેકનોલોજી જેવા વિષયો પર માર્ગદર્શન અપાશે. સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલે શિક્ષણમાં ઇનોવેટિવ પ્રેક્ટિસિસ અને રિસર્ચને વેગ આપતા આયોજન બદલ કોલેજ ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

### આણંદ શહેરની આઈરીસ હોસ્પિટલ અને બાવીશી ફર્ટિલિટીનું ઐતિહાસિક જોડાણ થયું

**આણંદ** | આણંદ શહેરની આઈરીસ હોસ્પિટલ અને 'ભારતના પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબી'ની સફળતાનો વારસો ધરાવતી બાવીશી ફર્ટિલિટી ઇન્સ્ટિટ્યૂટના સહયોગથી અત્યાધુનિક આઈવીએફ વિંગનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની અત્યાધુનિક લેબોરેટરી, એડવાન્સ આઈવીએફ, જિનેટિક્સ અને જટિલ સર્જરી જેવી તમામ સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ થશે. ડો. હિમાંશુ બાવીશીના માર્ગદર્શન હેઠળ આઈરીસ હોસ્પિટલની ટીમ દ્વારા દરેક દંપતીને તેમની જરૂરિયાત મુજબની કસ્ટમાઈઝ્ડ અને નૈતિક સારવાર આપવામાં આવશે. આ જોડાણથી આણંદ હવે મધ્ય ગુજરાતમાં ફર્ટિલિટી સારવારનું મુખ્ય કેન્દ્ર બનશે.



### મહીસાગર જિલ્લા પંચાયત અને એસપી કચેરી ખાતે રંગોળી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશો અપાયો

**લુણાવાડા** | મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા SVEEP અભિયાન હેઠળ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે નવતર આયામો હાથ ધરાયા છે. જિલ્લા પંચાયત અને પોલીસ અધિક્ષક કચેરીના પ્રાંગણમાં કલાત્મક રંગોળીઓ દ્વારા મુલાકાતીઓને 'અચૂક મતદાન' કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ આ સર્જનાત્મક પહેલની સરાહના કરી હતી, જ્યારે પોલીસ તંત્રએ નિર્ભયતાથી અને નૈતિકતાથી મતદાન કરવાનો સંદેશ આપ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને આગામી ચૂંટણીમાં સો ટકા મતદાન કરી પોતાની પવિત્ર ફરજ અદા કરવા ખાસ અપીલ કરવામાં આવી છે.




### લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજ ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ' કાર્યક્રમ યોજાયો

**લુણાવાડા** | ભારત સરકારના 'માય ભારત' અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં 'કટોકટીના 50 વર્ષ: ભારતીય લોકતંત્ર માટે સબક' વિષય પર મહીસાગર જિલ્લાના યુવાઓએ પ્રભાવશાળી વક્તવ્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓએ લોકશાહીના મૂલ્યો અને ઐતિહાસિક પાઠો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ભાગ લેનાર 23 સ્પર્ધકોમાંથી ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓની પસંદગી કરી તમામ સહભાગીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આંતર-કોલેજ એથ્લેટિક મીટ 2025-26નું આયોજન કરાયું

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે આંતર-કોલેજ અને આંતર-પોલિટેકનિક એથ્લેટિક મીટ ઉત્સાહભેર યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટીની 8 કોલેજ અને 5 પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ વિવિધ ટ્રેક અને ફિલ્ડ ઇવેન્ટ્સમાં ખેલદિલીપૂર્વક ભાગ લીધો હતો. આ ઉદ્ઘાટન સમારંભમાં આચાર્ય ડો. એસ. આર. પટેલ અને સમાપન પ્રસંગે વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી. એચ. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જેનું સફળ સંચાલન ગોધરા અને વસોની કોલેજો દ્વારા કરાયું હતું.




### આણંદની ડી. એન. હાઈસ્કૂલમાં 'આંકડાશાસ્ત્રમાં કારકિર્દી' વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે 'કેરિયર ઓપોર્ચ્યુનિટીઝ ઇન સ્ટેટિસ્ટિક્સ' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. સરદાર પટેલ યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગના સહયોગથી આયોજિત આ સેમિનારમાં નિષ્ણાત પ્રોફેસરોએ આધુનિક ડેટા આધારિત યુગમાં આંકડાશાસ્ત્રના મહત્વ પર ભાર મૂક્યો હતો. વક્તાઓએ વિદ્યાર્થીઓને ડેટા સાયન્સ, બેંકિંગ, વીમા ક્ષેત્ર અને સંશોધન જેવા વિવિધ વિષયોમાં રહેલી કારકિર્દીની ઉજ્જવળ તકો વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડો. મનોજ જવાણી તથા શૈલેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.



### લુણાવાડામાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા 'સલામતી દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી




**લુણાવાડા** | લુણાવાડા વિભાગીય કચેરી ખાતે લાઇનસ્ટાફની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવવા માટે 'લાઇનમેન દિવસ' અને 'સલામતી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 'શૂન્ય અકસ્માત'ના લક્ષ્યાંક સાથે કર્મચારીઓને સલામતીના સાધનોનો ચુસ્ત ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું હતું અને સ્ટાફ માટે હેલ્થ ચેક-અપ કેમ્પનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઉચ્ચ અધિકારીઓ અને ગ્રાહકોની ઉપસ્થિતિમાં લાઇનસ્ટાફના મનોબળને વધારવા તેમજ વીજ અકસ્માતો નિવારવા માટે જનજાગૃતિ ફેલાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### આણંદની વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજમાં મહિલા સ્વાસ્થ્ય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું



**આણંદ** | શહેરની વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના સીડબલ્યુડીસી સેલ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે આરોગ્ય વિષયક વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. મુખ્ય વક્તા ડો. અમી કૌશલ ભટ્ટે માસિક સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને યુવાવસ્થામાં જોવા મળતા સ્ત્રી રોગોના સંચાલન અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ભારતીબેન રાજના માર્ગદર્શન હેઠળ મનીષાબેન શાહ દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં આરોગ્ય જાગૃતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### શ્રી સોમનાથમાં ઉત્તરપ્રદેશના ભક્તો માટે ત્રિ-દિવસીય આધ્યાત્મિક પ્રવાસનું ભવ્ય આયોજન

અમદાવાદ: ભક્તોના આધ્યાત્મિક પ્રવાસને વધુ પવિત્ર અને યાદગાર બનાવવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું છે. ટ્રસ્ટ દ્વારા આગંતુક ભક્તોને પ્રસાદ, લઘુયજ્ઞ કીટ તેમજ સોમગંગા નિર્માલ્ય જળ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ત્રિ-દિવસીય આધ્યાત્મિક પ્રવાસ દરમિયાન ઉત્તરપ્રદેશથી પધારેલા ભક્તો વિવિધ પવિત્ર તીર્થસ્થળોના દર્શનનો લાભ લેશે. પ્રવાસમાં ભાલકા તીર્થ, ભીડભંજન મહાદેવ, બાણગંગા, રામ મંદિર, ગોલોકધામ તીર્થ, પ્રોમોનેડ વોક વે તથા ત્રિવેણી સંગમ જેવા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોને આરામદાયક અને યાદગાર અનુભવ મળે તે માટે તમામ સ્થળોએ ઉત્તમ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ભક્તોને પ્રેમપૂર્ણ આતિથ્ય સાથે માર્ગદર્શન, સુવિધાઓ અને સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ આયોજનથી ભક્તોમાં આનંદ અને આધ્યાત્મિક ઉર્જાનો માહોલ જોવા મળ્યો છે, અને સૌએ ટ્રસ્ટની વ્યવસ્થાઓને વખાણી છે.